## ગાંધીનગર મને ગમે છે...



**મીના ભટ્ટ**
**નિવૃત્ત અધિક સચિવ**

૧૯૭૦ની પહેલી જૂને અમે અમદાવાદથી ગાંધીનગર આવ્યા હતા. બીજી જૂને મારૂ એસએસસીનું પરિણામ જાહેર થયું. પરિણામ સારૂ આવ્યું એટલે ખૂબ આનંદ થયો. મેરીટ સ્કોલરશીપ મળી. મારા માટે તો ગાંધીનગર પ્રવેશ ખૂબ લકી સાબિત થયો. અમદાવાદ કરતાં સરકારી ક્વાર્ટર ગાંધીનગરમાં મોટુ મળ્યું (મારા પિતાજીને) તેનો પણ આનંદ થયો.

જૂન-૧૯૭૦માં સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર-૨૯માં પ્રી સાયન્સમાં એડમીશન લીધુ. સેક્ટર-૨૦ થી સેક્ટર-૨૯ કોલેજે ચાલતા જતા. રસ્તાની બંને બાજુ લીલાછમ વૃક્ષોની હરિયાળી છવાયેલી હતી. બહેનપણીઓ સાથે ચાલતા જવાની ખૂબ મજા પડતી ક્યારેક બસમાં પણ જતા. એ વખતે રીક્ષાઓ ભાગ્યે જ જોવા મળતી. ગાંધીનગર શહેરની રચના થયા પછી સૌ પ્રથમ અમારી કોલેજમાં ઈલેક્શન થયુ. જેની નોંધ એ વખતે ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રથમ પાના પર ફોટા સાથે લેવામાં આવી હતી.

ગાંધીનગરના વિશાળ રસ્તા પર સ્કૂટર રાઈડીંગ અને કાર ડ્રાઈવીંગ શીખવાની ખૂબ મજા પડી. એ વખતે ગાંધીનગરની વસતી ઘણી ઓછી હતી. શરૂઆતમાં તો સરકારી મકાનો જ હતા. જવલ્લે જ કોઈ ખાનગી મકાન જોવા મળે. વાહનોની સંખ્યા પણ ખૂબજ ઓછી. તે વખતે સરકારી વાહનોની સંખ્યા પણ ખૂબજ ઓછી હતી. ઘણાને જાણીને આશ્ચર્ય થશે કે તે વખતે

● અનુસંધાન પાન-૭ પર

# ઉનાળાની ગરમીમાં ફ્રૂટ સલાડની ડિમાન્ડ વધી

## શહેરીજનો ભોજન કર્યા બાદ ફ્રૂટ સલાડ ખાવાનું પસંદ કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૪

ઉનાળાની સિઝન શરૂ થઈ ચૂકી છે ત્યારે શહેરીજનોએ સિઝન પ્રમાણે ખાનપાનમાં ફેરફાર કર્યો છે. ઠંડીની ઋતુમાં આપણે જે આહાર આરોગીએ છીએ તેની મજા આપણને ગરમીમાં નહી જ આવે. તેથી સિઝન પ્રમાણે આહારમાં પરિવર્તન કરવું જરૂરી છે. ગરમીમાં શરીરને ઠંડક મળે તેવો આહાર અને પીણા પીવા લાભદાયક છે. ત્યારે શહેરીજનોએ ઉનાળામાં ભોજન કર્યા બાદ ફ્રૂટ સલાટ ખાવાનું શરૂ કર્યુ છે. રાત્રી ભોજનમાં ભારે ભોજન ન જમતા હળવુ ભોજન કરીને વિવિધ પ્રકારના ફળોને મિક્સ કરીને ફ્રૂટ સલાટ ખાવાનું પસંદ કરે છે. જેમાં દૂધમાં મન પસંદ ફળો ચીકુ, દ્રાક્ષ, સફરજન, દાડમ, કેરી, કસ્ટર્ડ પાઉડર, ખાંડ ઉમેરીને ગરમ કરીને ઉકાળીને ઠંડુ કરવા માટે ફ્રીઝમાં રાખવામાં આવે છે. ઠંડુ થઈ ગયા બાદ ભોજન કરીને આ ઠંડુ ફ્રૂટ સલાડ





ખાવામાં આવે છે. ગૃહિણીઓ પોતાના પરિવારના સભ્યોને પસંદ આવે તે પ્રકારના અવનવા ફ્રૂટ સલાડ બનાવી રહી છે. આ સાથે માર્કેટમાં પણ આઈસક્રીમની દુકાનોમાં વિવિધ પ્રકારના ફ્રૂટ સલાડ મળી રહ્યા છે.

શહેરમાં કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે બપોરના સમયે માર્કેટમાં સિકંજી, આઈસક્રીમ, ફ્રુટ સલાડનુ વેચાણ કરતી લારીઓમાં શહેરીજનોની ભીડ જોવા મળે છે. જેમાં ૨૫ થી ૩૦ રૂપિયામાં આ ઠંડી ચીજવસ્તુઓ મળી રહી છે. આ સાથે આઈસક્રીમની દુકાનોમાં તેના ભાવ ડબલ જોવા મળતા હોય છે. ક્વોન્ટીટી અને ક્વોલિટી મુજબ દરેક ચીજવસ્તુઓનો ભાવ જોવા મળે છે. મોંઘવારીના કારણે દરેક ખાણી-પીણીના ભાવમાં વધારો ઝીંકાયો છે. જે પૈકી ફળોના ભાવમાં વધારો, દૂધના ભાવમાં વધારો, ખાંડના ભાવમાં વધારો થવાથી ફ્રૂટ સલાડના ભાવમાં પણ વધારો થયો છે. શહેરીજનોને તૈયાર ફ્રૂટ સલાડ ખાવું મોંઘુ પડી રહ્યું છે. દુકાનોમાં મળતા ફ્રૂટ સલાડના ભાવ મોંઘવારીના કાણે વધવાથી શહેરીજનો જાતે જ ઘરે ફ્રૂટ સલાડ તૈયાર કરવાનું પસંદ કરી રહ્યા છે. નાના બાળકોને ઉનાળાની ઋતુમાં ઠંડી ઠંડી ચીજવસ્તુઓ ખાવાની મજા પડી જાય છે. આ ઉપરાંત એપ્રિલ માસમાં લગ્ન પ્રસંગોની ભરમાર હોવાથી ફ્રૂટ સલાડની માંગમાં વધારો નોંધાશે તેવું વેપારીઓનું કહેવુ છે. લગ્ન પ્રસંગોમાં ઠંડી વસ્તુઓ જેમકે આઈસક્રીમ, લીંબુ શરબત, બરફ ગોળા, કુલ્ફી, છાસ, ફ્રૂટ સલાડ મેનુમાં પસંદગીમાં લેવામાં આવે છે. તેથી ભરપૂર માત્રામાં આ તમામ ઠંડી ચીજવસ્તુઓની ડિમાન્ડ વધી જાય છે.

# શ્રી સમસ્ત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાની બીજી કાર્યકારિણીની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા. ૧૪

શ્રી સમસ્જ બ્રહ્મસમાજ રાજ્યકક્ષાની બીજી કાર્યકારિણીની બેઠક યોજાઈ હતી. આ મિટિંગમાં રાજ્યકક્ષા તરફથી મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, મીડિયા કન્વીનર દિનેશ રાવલ, યુવા ઉપાધ્યક્ષ હર્ષ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર શહેર પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, મહામંત્રી સુનીલ મહેતા, મહિલા પ્રમુખ છાયાબેન ત્રિવેદી, યુવા પ્રમુખ મૌલિક દીક્ષિત તેમજ ત્રણેય વિભાગના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં ૨૦ થી વધુ નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. મુખ્ય સંગઠક અશ્વિન ત્રિવેદી દ્વારા ગાંધીનગરમાં નવું બ્રહ્મભવન બાંધવાની જવાબદારી લેવામાં આવી હતી અને ભવન નિર્માણનો તમામ ખર્ચ અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા આપવામાં આવશે તેમ જાહેરાત કરી હતી.

# સીડ વેરાયટી રજીસ્ટ્રેશનની પ્રથાનો અંત, રાજ્ય સરકારનું ક્રાંતિકારી નિર્ણય

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્યમાં ખાનગી સીડ કંપનીઓ દ્વારા સંશોધીત નવી જાતોના રજીસ્ટ્રેશન ખુબજ ખર્ચાળ અને સમય માંગતી ગૂંચવળભરી પ્રક્રિયા હતી. આ પ્રથાના કારણે રાજ્યની સીડ ઈન્ડસ્ટ્રીઝનો વિકાસ સ્થગિત થઈ ગયો હતો. ભારત સરકાર દ્વારા પણ આ બાબતે સ્પષ્ટ નિર્ણય આપવામાં આવેલ હતો કે રજીસ્ટ્રેશનની પ્રથાનો સીડ એક્ટમાં જોગવાઈ નથી. આથી કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા ઉચ્ચકક્ષો મીટીંગ બોલાવીને રજીસ્ટ્રેશન પ્રથા રદ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જૂની પ્રથાના સ્થાને નવી ઓનલાઈન પ્રક્રિયા દાખલ કરવાનું નક્કી કરેલ છે જે રાજ્ય સરકારનું ખુબજ આવકારદાયક પગલું છે. ગુજરાત સ્ટેટ સીડ પ્રોડ્યુસર્સ એસોસીએશનના પ્રમુખ ડૉ. એન.પી. પટેલ અને તમામ કારોબારી સભ્યોએ ક્રાંતિકારી નિર્ણય માટે કૃષિમંત્રી રાઘજવજીભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

બીન જરૂરી નિયંત્રણો નાબુદ થવાથી સંપૂર્ણ પારદર્શક સીસ્ટમ આવશે તેમ છતાં સીડની ગુણવત્તા માટેના કાયદાઓ અમલમાં છે જેથી આ નિર્ણયથી બીજની ગુણવત્તાને કોઈ અસર પડશે નહી. રાજ્ય સરકાર નવી સીસ્ટમ દ્વારા વડાપ્રધાનના 'ઈઝ ઓફ ડ્રૂઈંગ બીઝનેસ' ને વેગ મળશે, નવા સ્ટાર્ટ અપ આવશે. સીડ ઈન્ડસ્ટ્રીઝના વિકાસને વેગ આપશે અને સીડના આંતર રાજ્ય વેપારનો ખુબજ ઝડપી વિકાસ થશે સાથે બજારમાં નવી કંપનીઓ આવવાથી હરીફાઈ થવાથી ખેડૂતોને પણ વ્યાજબી ભાવે નવી જાતોના ખૂબ સારા બિયારણ સમયસર મળી શકશે.

# જીપીસીબીની એમીશન ટ્રેડીંગ સ્કીમને પ્રતિષ્ઠિત સ્કોચ ગોલ્ડ એવોર્ડ




ગાધાનગર, તા.૧૪

વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ પરિણામો આપતી અનેક સંસ્થાઓને સ્કોચ એવોર્ડથી સન્માનિત કરવા તા.૧૨મી એપ્રિલે દીલ્હી ખાતે યોજાયેલ ૮૧મી સ્કોચ સમીટમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને સુરત ખાતેના ઔધોગિક એકમો માટે બોર્ડ દ્વારા કાર્યાન્વિત કરવામાં આવેલ એમીશન ટ્રેડીંગ સ્કીમ માટે પ્રતિષ્ઠિત સ્કોચ ગોલ્ડ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ આર.બી. બારડે જણાવ્યું હતું કે 'એમીશન ટ્રેડીંગ સ્કીમ એ હવા પ્રદૂષણ નિયંત્રણની દિશામાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની એક નવતર પહેલ છે જે અન્ય રાજ્યો તથા દેશો માટે પ્રેરણારૂપ સાબિત થઈ શકે છે'.

આર.બી. બારડે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા એમીશન ટ્રેડીંગ સ્કીમનું સુરત ખાતે સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું છે અને તેના ઉત્સાહજનક પરિણામોને ધ્યાને લેતાં હવે એમીશન ટ્રેડીંગ સ્કીમનું અમદાવાદ ખાતે અમલીકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. બોર્ડના સભ્ય સચિવ એ. વી. શાહે જણાવ્યું હતું કે એમીશન ટ્રેડીંગ સ્કીમ બોર્ડનો એક સીમાચિહ્ન રૂપ પ્રોજેક્ટ છે જેનાથી હવા પ્રદૂષણમાં ઘટાડાના કારણે નાગરિકોનું આરોગ્યનું રક્ષણ થાય છે, કન્ટીન્યુઅસ એમીશન મોનીટરીંગ સીસ્ટમ (CEMS) દ્વારા પાર્ટીક્યુલેટ મેટર ઉત્સર્જનના દર મીનીટે મળતા ચોક્કસ અને સચોટ રીડીંગ્સના કારણે પ્રદૂષણ કરતાં એકમોનું સતત મોનીટરીંગ કરી શકાય છે તેમજ પાર્ટીક્યુલેટ મેટરનું ઓછું ઉત્સર્જન કરનાર એકમોને પરમીટ વેચવાથી નાણાંકીય ફાયદો પણ થાય છે આમ એમીશન ટ્રેડીંગ સ્કીમ નાગરિકો, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તેમજ ઓછું પ્રદૂષણ કરતાં ઉદ્યોગો એમ તમામ માટે વીન-વીન પરિસ્થિતિ પ્રદાન કરે છે.

સુરત ખાતે કાર્યરત એમીશન ટ્રેડીંગ સ્કીમ એ દેશની સર્વ પ્રથમ એમીશન ટ્રેડીંગ સ્કીમ છે અને પાર્ટીક્યુલેટ મેટરના પ્રદૂષણ માટે વિશ્વની સર્વ પ્રથમ એમીશન ટ્રેડીંગ સ્કીમ છે જેનું વિશ્વની નામાંકિત યુનીવર્સીટી ઓફ શીકાગો અને યેલ યુનીવર્સીટીના સંશોધકો તેમજ જેપાલ-સાઉથ એશીયાના સહયોગથી તા. ૧૬-૦૯-૨૦૧૯ થી સુરત ખાતે ૩૪૨ ઔદ્યોગિક એકમોમાં એમીશન ટ્રેડીંગ સ્કીમનું અમલીકરણ કરવામાં આવ્યું છે. એમીશન ટ્રેડીંગ સ્કીમના અમલીકરણથી એમીશન ટ્રેડીંગમાં ભાગ લેતા ઔદ્યોગિક એકમો દ્વારા થતા પાર્ટીક્યુલેટ મેટરના કુલ ઉત્સર્જનમાં ૧૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. એમીશન ટ્રેડીંગ સ્કીમ માટે અમદાવાદ અને આસપાસમાં આવેલ આશરે ૨૦૦ ઔદ્યોગિક એકમોની પસંદગી કરી દેવામાં આવેલ છે અને હાલમાં ઔદ્યોગિક એકમોની ચીમનીઓ પર કન્ટીન્યુઅસ એમીશન મોનીટરીંગ સીસ્ટમ પ્રસ્થાપિત કરવાની કામગીરી ચાલી રહી છે. અમદાવાદ ખાતે એમીશન ટ્રેડીંગ સ્કીમના અમલીકરણથી આ સ્કીમ માટે પસંદ કરવામાં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા થતા પાર્ટીક્યુલેટ મેટરના કુલ ઉત્સર્જનમાં ઘટાડો થશે તેમજ અમદાવાદ શહેરની વ્યાપક હવાની ગુણવત્તા સુધરશે.

# અડાલજ રોહિતવાસમાંથી વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને ખાનગી રાહે બામતી મળી હતી કે અડાલજ ગામમાં રોહિતવાસમાં ખુલ્લા બાંકડા ઉપર શૈલેષ રઘુરામ સાધુ વરલી મટકાનો જુગાર રમાડે છે.જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરી તેને ઝડપી પાડ્યો હતો. આ શખ્સ પાસેથી કે.એ.લખેલી ચીઠ્ઠી મળી આવી હતી. જેમાં વિવિધ આંકડા લખ્યા હતા. જયારે પોલીસે શખ્સ પાસેથી વરલી મટકાના જુગાર રમવાના સાહિત્ય સાથે રોકડા રૂ. ૩૨૧૦ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે
પ્રતિબદ્ધ રાજ્ય સરકાર



આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા
કુલ રૂ.૨૯૦૯ કરોડ ખર્ચાશે

- મોબાઇલ કનેક્ટિવિટી : આદિજાતિ વિસ્તારમાં મોબાઇલ નેટવર્કની સુવિધા સહેલાઇથી મળી શકે તે માટે રૂ.૧૧૧ કરોડના ખર્ચે ૫૦૦ નવા મોબાઈલ ટાવર ઉભા કરાશે
- વનબંધુ કલ્યાણ યોજના-૨ : રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી તથા હાલના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરેલ હતી. આ કાર્યક્રમને આગળ ધપાવતાં આગામી પાંચ વર્ષ માટે રૂ.૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના-૨નું આયોજન
- ગુણવત્તાયુક્ત શિક્ષણ : નિવાસી શાળાઓનાં માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ આપવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ શરૂ કરવામાં આવશે. જેમાં અનુસૂચિત જનજાતિના ૫૦ હજાર વિદ્યાર્થીઓને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ આપવામાં આવશેઃ રૂ.૪૫ કરોડ ખર્ચાશે
- નિભાવ ગ્રાંટમાં માતબર વધારો : અનુસૂચિત જનજાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ ૪૩ હજાર વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થામાં રૂ.૬૬૦નો વધારો કરી માસિક રકમ રૂ.૨૧૬૦ કરવામાં આવીઃરૂ.૫૦૩ કરોડ વપરાશે
- શિષ્યવૃત્તિ : ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના દરમાં રૂ.૨૫૦ નો વધારોઃ રૂ. ૧૩૯ કરોડ વપરાશે
- પ્રાથમિક શાળાઓમાં ભણતા અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાયમાં રૂ.૩૦૦નો વધારો કરી રૂ.૯૦૦ કરવામાં આવીઃ રૂ.૮૧ કરોડનો ખર્ચ થશે
- આદર્શ નિવાસી શાળાઓ, ઈ.એમ.આર.એસ. અને જી.એલ.આર.એસ. મળી કુલ ૧૭૭ જેટલી શાળાઓના અંદાજિત ૪૬ હજાર જેટલા વિદ્યાર્થીઓને નિવાસી શાળા શિક્ષણ આપવા માટે રૂ.૨૦૯ કરોડ વપરાશે
- આદિજાતિ ખેડૂતોને વ્યક્તિગત/સામુહિક સિંચાઈ કૂવા સાથે ૩ એચ.પી.સોલાર પંપની સહાય આપવા માટે રૂ.૭૫ કરોડ ખર્ચાશે
- આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સ આપવા ખેડૂતોને સહાયની નવી યોજના હેઠળ રૂ.૩૮ કરોડ વપરાશે
- વિવિધ વિભાગો દ્વારા આદિજાતિ વિસ્તારોમાં TASP (ટ્રાઈબલ એરિયા સબ પ્લાન) હેઠળ વાર્ષિક રૂ.૧૪,૦૦૦ કરોડ ખર્ચાશે





